# આપણા ગ્રામવિકાસની સમસ્યાઓ અને ઉકેલો

ગુજરાત રાજ્યના નવસારી જીલ્લાના આપણા માંધાતા સમાજના મોટા ભાગના લોકોની પરદેશમાં બેત્રણ પેઢી થઈ ગઈ છે. 70થી પણ વધુ વર્ષોના પરદેશના વસવાટ છતાં નવસારી જીલ્લાનાં આપણી માતૃભૂમિ અને પિતૃભૂમિનાં ગામો આપણા મન તથા હૃદયમાં સ્થાન ધરાવે છે એ આપણા વિશિષ્ટ સંસ્કારના બળનું દ્યોતક છે.

આપણા યુવકયુવતી સુદ્ધાં જેમણે કદાચ ભારતની મુલાકાત પણ લીધી નહીં હોય તેઓ ભારતીય સંગીત, ભારતીય ભોજન, ભારતના રાસ-ગરબા, વિવિધ ઉત્સવો, હિન્દુ નાટકો વગેરેમાં રસ લે છે, અને હવે તો યોગ પણ એમને આકર્ષે છે. આજે કદાચ એ લોકો સ્થાનિક પરિસ્થિતિ જાણવાને ઉત્સુક ન પણ હોય, પરંતુ હવે પ્રવાહ બદલાવા માંડ્યો છે, ખાસ કરીને શ્રી. મોદીની આપણા વિવિધ દેશોની મુલાકાત પછી.

આપણા ઘણા લોકો હવે ભારતની તથા એમના પારીવારીક ગામની મુલાકાત લે છે. એટલું જ નહીં પોતાના ગામ માટે કંઈક કરવાની ખેવના પણ રાખે છે. ખાસ કરીને રીટાયર થયેલા મોટા ભાગના લોકોમાં આ ભાવના જોવામાં આવે છે. તેઓ શિયાળામાં ઠંડીના કારણે અથવા ચેન્જ માટે બેત્રણ માસ પોતાના ગામમાં રહે છે.

આપણા લોકો જે ખરેખર તો આપણાં સગાંસંબંધી અને મિત્રો છે તેમને કઈ ખાસ તાકીદની અને ઉપયોગી મદદની જરૂર છે તેનાથી તમને માહિતગાર કરવા આ ટૂંકું લખાણ તૈયાર કર્યું છે.

હું આગળ વધું તે પહેલાં મારા વિષે થોડું કહું. મારું નામ કેશવલાલ જે. પટેલ છે, અને હું બોદાલી ગામનો છું. તમારામાંના મોટા ભાગનાની જેમ મેં સિત્તેર વર્ષ પહેલાં અગિયાર વર્ષની વયે ભારત છોડ્યું હતું. ૨૩ વર્ષ કેન્યામાં વીતાવ્યા બાદ ૪૬ વર્ષથી ઈન્ગલેન્ડમાં છું. આમ છતાં તમારા બધાની જેમ ભારત અને આપણી એ સંસ્કૃતિ સાથે સંપર્કમાં રહ્યો છું.

૩૩ વર્ષ પહેલાં મેં કાંઠા વિભાગ ફ્રેન્ડશીપ ટ્રસ્ટની સ્થાપના કરી હતી, અને એની સાથે સક્રીયપણે જોડાયેલો હોવાથી આપણાં ગામોના અનુભવો અને જાણકારીને કારણે એમના વિષે હું લખી શકું છું. કાંઠા વિભાગનાં ૫૦ ગામોમાં દર વર્ષે અમે ૧૫થી ૧૭ સમાજ વિકાસના પ્રોગ્રામ કરીએ છીએ. (એની વિગતો માટે આપણી વેબસાઈટનું લખાણ જોવા વિનંતી. www.mandhataglobal.com)

પરદેશમાં વસતા આપણામાંથી જે કોઈ ગામોની મુલાકાત લે તેઓ જોઈ શકશે કે આપણે જ્યાં અહીં પરદેશમાં રહીએ છીએ તેવી સગવડો અને તકો આપણાં ગામડાંઓમાં બિલકુલ નથી. પાયાની સગવડો જેને આપણે પરદેશમાં સાવ સ્વાભાવિક હોવાનું માનીએ છીએ તે સુદ્ધાં બહુ જ જુજ જોવા મળે છે. નળનું પાણી પણ હાલમાં થોડાં વર્ષથી મળવાનું શરૂ થયું છે, તે પણ કદાચ દિવસમાં એક કે બે કલાક માટે અને થોડા સ્થાનિક રસ્તાઓ અને લાઈટની સગવડ થઈ છે.

યોગ્ય શિક્ષણ અને હુન્નરના અભાવે મોટા ભાગનાં આપણા લોકો સાધારણ ખેતી અને ઢોરઢાંખર પર ગુજારો કરે છે. કેટલાક લોકો નજીવી ઔદ્યોગિક કેળવણી લઈને કે એવી કશી લાયકાત વિનાની મજુરી નજીકનાં શહેરોમાં કરીને ગુજરાન ચલાવે છે.

પરદેશમાં સ્થાયી થયેલા આપણી જુની પેઢીના લોકો પોતાને પુરેપુરા ભારતીય ગણે છે, અને આપણાં ગામો માટે બહુ જ લાગણી ધરાવે છે. તેઓ સેંકડોની સંખ્યામાં દર વર્ષે દેશની મુલાકાત લે છે. ગામમાં તેઓ સ્કુલ, મંદિર, રમતગમત વગેરે માટે ઉદાર હાથે દાન આપે છે, સગાંવહાલાંને મદદ કરે છે, અને અન્ય જે કંઈ જરૂર જણાય તેમાં મદદ કરે છે. એ એક હકીકત છે કે આપણાં ગામડાંમાં લગભગ બધાં જ કુટુંબો પરદેશથી જતા પૈસા પર નભે છે. તેમના સદનસીબે કંઈ નહીં તો ઘરનું એકાદ જણ તો પરદેશ ગયેલું હોય છે, અને આથી તેમનું ગાડું ગબડી જાય છે. કમનસીબે કેટલાંક કુટુંબો એવાં છે કે જેમનું પરદેશમાં કોઈ નથી, આથી તેઓ ગરીબાઈમાં સબડે છે.

કોઈ પણ ગામમાં વિકાસનાં કામો ત્યારે જ થઈ શકે જો તે ગામનાં સંતાનો ઉદાર હાથે સખાવતની સહાય કરે.

ગામના સર્વાંગી વિકાસ સાથે કામચલાઉ પ્રોજેક્ટનો સમાવેશ કરી લેવાની હવે તાતી જરૂરિયાત પેદા થઈ છે.

સર્વાંગી વિકાસમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, હુન્નર અને તાલીમ વગેરેનો સમાવેશ થવો જોઈએ.

ઉપરની બધી બાબતો એકબીજા સાથે સંબંધીત છે. દરેક પ્રોજેક્ટ ઝડપી પ્રગતિ માટે બીજા પ્રોજેક્ટને મદદરૂપ બને છે.

આપણાં ગામો માટે હું નીચેની બાબતોને અગ્રતા આપું છું.

**૧. સારું ગાળેલું પીવાનું પાણી –** આનાથી ૫૦% માંદગી ઘટી જશે આથી દવાદારૂ, ડૉક્ટરના ખર્ચમાં બચત થતાં ગામ સમૃદ્ધ થશે. (બોદાલીમાં આ બાબતમાં અમને ૪ વર્ષમાં આનો સારો અનુભવ થયો છે.)

**૨. સારું સ્વાસ્થ્ય અને સ્વચ્છતા** જેનાથી બાળકો ભણવામાં વધુ ધ્યાન આપી શકશે અને કેળવણીનું સ્તર ઉંચું આવશે.

**૩. ટેકનીકલ શિક્ષણ અને ટ્રેનીંગ** જેનાથી યુવા પેઢી વ્યવસાયી તાલીમ લઈ નોકરી માટે તૈયાર થઈ શકશે.

નોકરી કરનાર લોકો વધુ આત્મવિશ્વાસ ધરાવતા હોય છે અને જવાબદારી પૂર્વક વર્તે છે. મને લાગે છે કે આથી જુગાર અને દારૂની લત ઘટશે.

હાલ પૂરતું આપણે આ ત્રણ પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

આ પાયાની જરૂરિયાત પૂરી પાડવા આપણે કેવી રીતે આગળ વધવું?

આ પ્રોજેક્ટ કંઈ એટલા બધા ખર્ચાળ તો નથી. જો કે એવા સસ્તા પણ નથી, કેમ કે એ દર વર્ષે ચાલુ રાખવા પડે.

બધા દેશોમાં આપણા લોકો વસ્યા છે ત્યાં આપણા દરેક ગામનાં મંડળો રચાયાં છે. આ ગામનાં મંડળો પહેલ કરી શકે. કેટલાંક ગામનાં મંડળો કરે પણ છે, પરંતુ વ્યક્તિગત રીતે કે ગામના કેટલાક મિત્રો સાથે ભેગા મળીને કોઈ પ્રોજેક્ટ હાથ પર લેવામાં પણ કોઈ રોકવાનું નથી.

**આર. ઓ. વૉટર ફીલ્ટર પ્લાન્ટનો** ખર્ચ લગભગ ૬૦૦૦ પાઉન્ડ જેટલો થાય છે. આ ખર્ચ માત્ર એક જ વખત લાગે છે. કોઈ માણસ એકલો કે કેટલાક મિત્રો મળીને પણ આ પ્રોજેક્ટ હાથ પર લઈ શકે. (ભવિષ્યની પેઢીઓ તમને ઉપકારવશ થશે.)

**સ્વચ્છતા અને આરોગ્ય –** ગામમાંનો કચરો અને પ્લાસ્ટીક બેગ દર અઠવાડિયે કોઈ એક જણને પાર્ટ ટાઈમ કામે રાખવાથી સહેલાઈથી દૂર કરી શકાય. એનો આખા વર્ષનો પગાર કોઈ એક કે બે જણા દાન આપીને ચુકવે એવું ગોઠવી શકાય.

**શિક્ષણ અને તાલીમ –** કોઈ એક કે બે વિદ્યાર્થીઓને કંપ્યુટર, વેલ્ડીંગ, મોટર વાયરીંગ, મોટર મિકેનિક અથવા બીજા કોઈ હુન્નર શીખવા માટે ફી ભરવા આર્થિક મદદ કરી શકાય. આજ સુધીમાં આપણા વિસ્તારમાં કોઈ ડૉક્ટર, ડેન્ટીસ્ટ, વૈજ્ઞાનિક, એકાઉન્ટન્ટ, વગેરે થયું નથી. એ જ રીતે આપણે ત્યાં કોઈ રાજકારણી, સરકારમાં ઊંચામાં ઊંચો પદવીધારી, ઉદ્યોગપતિ કે રાજકીય નેતા થયો નથી, કારણ કે માબાપ પાસે પોતાનાં સંતાનને કોલેજ કે યુનિવર્સિટીમાં ભણાવવા માટે જરૂરી પૈસા હોતા નથી. આથી આપણો વિસ્તાર જ્યાંનો ત્યાં અને પછાત રહ્યો છે, કારણ કે ઉચ્ચ શિક્ષિતો અને ધંધાદારીઓનો અભાવ છે. આ જ વિદ્યાર્થીઓ પરદેશમાં કાઠું કાઢી સુંદર પ્રગતિ કરે છે.

**આ વિષયમાં ગંભીર વિચારણ કરી આપણે મોટા પાયા પર <u>નવસારી કાંઠા વિભાગ સ્કોલરશીપ ફંડ</u> સ્થાપવું જોઈએ. અમને ખાતરી છે કે ઘણા લોકો નિયમિત રૂપે નિયત સમયે કે એકી વખતે દાન આપવા રાજી થશે.**

જો પૂરતો સહકાર મળશે તો અમે આ અત્યંત પ્રશસ્ત સાહસને સંભાળવા માટે ગોઠવણ કરીશું. નીચે આપેલ ઈમેલ દ્વારા કે વેબસાઈટ પર અમને આ બાબત આપના સહકારની જાણ કરવા વિનંતી.

જો આપણે પ્રગતિ કરવી હોય તો કોલેજમાં ભણવા માટે ઉચ્ચ શિક્ષણ ફંડ પણ આપણા લોકો માટે બહુ જ જરૂરી છે.

ખરેખર તો તમે પોતાના ગામો માટે શું કરી શકો તેનો કોઈ અંત નથી, અને એ ખર્ચાળ હોવું જરૂરી નથી. પણ કંઈ નહીં તો થોડાં વર્ષ ભોગ આપવા તૈયાર રહો.

જો તમે માત્ર એક જ નાનું સરખું પ્રદાન કરવા ચાહતા હો તો કોઈને એકાદ ભેંસ ખરીદી આપો, થોડાં ફળઝાડ વાવો, એકાદ બાળકના ભણાવવાનો ખર્ચ ઉપાડી લો કે રસ્તા પરની લાઈટનો ખર્ચ પૂરો પાડો.

છેવટે તમે જે પ્રોજેક્ટ પસંદ કરો તેને નાણાં કેવી રીતે પહોંચાડવાં તેની સહેલી રીત હું તમને જણાવું છું. અહીં પશ્ચિમના દેશોમાં બેન્કમાં આપણે મુકેલા પૈસા પર આપણને નજીવું વ્યાજ મળે છે. તમે તમારા ગામની બેન્કમાં **ફીક્ષ્ડ ડિપોઝીટ એન.આર. આઈ. એકાઉન્ટ** લાંબી મુદત માટે ખોલાવો. તમને લગભગ ૭% જેટલું વ્યાજ મળશે. તમારા પ્રોજેક્ટ માટે એ વ્યાજના પૈસા ગામને દાનમાં આપો. બેન્ક એ વ્યાજ તમારા ગામની "ગામ સેવા સમિતિ એકાઉન્ટ"માં તમે ગામ માટે જે કરવા માગતા હો તે માટે જમા કરે એવી ગોઠવણ કરો. તમારા ગામના ભલા માટે અને તમારા આધ્યાત્મિક લાભ માટે વ્યાજ જતું કરો.

સ્કોલરશીપ ફંડ માટે અમે અલગ એકાઉન્ટ ખોલીશું.

આખા જગતમાં આપણા સમાજના સેંકડો ગ્રેજ્યુએટ, વ્યવસાયીકો અને ધંધાદારીઓ છે. આપણાં બધાં જ ગામોમાં પરીવર્તન માટે નિયમિત દાન કરવાનું વિચારવા માટે આપ સહુને નમ્ર વિનંતી કરું છું.

જો આ બાબત વધુ વિચારવીમર્શ કરવો હોય તો મને આ સરનામે ઈમેલ કરો:

kjspatel@yahoo.co.uk

Keshavlal J Patel / Bharatbhai Vala

www.mandhataglobal.com